# ઊંચા ઊંચા રે દાદા ! તારા ડુંગરા રે લોલ

ઊંચા ઊંચા રે દાદા ! તારા ડુંગરા રે લોલ (૪)
ડુંગર ઉપર બોલે ઝીણા મોર, પૂજનમાં વહેલા આવજો રે લોલ (૨)
ઊંચા ઊંચા રે દાદા ! તારા ડુંગરા રે લોલ (૨)

પહેલો કાગળ રે પાલીતાણા મોકલ્યો રે લોલ (૪)
હે દેજો મારા આદિનાથને હાથ, પૂજનમાં વહેલા આવજો રે લોલ (૨)
ઊંચા ઊંચા રે દાદા ! તારા ડુંગરા રે લોલ (૨)

બીજો કાગળ રે શંખેશ્વર મોકલ્યો રે લોલ (૪)
હે દેજો મારા પાર્શ્વનાથને હાથ, પૂજનમાં વહેલા આવજો રે લોલ (૨)
ઊંચા ઊંચા રે દાદા ! તારા ડુંગરા રે લોલ (૨)

ત્રીજો કાગળ રે ગિરનાર મોકલ્યો રે લોલ (૪)
હે દેજો મારા નેમજીને હાથ, પૂજનમાં વહેલા આવજો રે લોલ (૨)
ઊંચા ઊંચા રે દાદા ! તારા ડુંગરા રે લોલ (૨)

ચોથો કાગળ રે પાવાપુરી મોકલ્યો રે લોલ (૪)
હે દેજો મારા વીરજીને હાથ, પૂજનમાં વહેલા આવજો રે લોલ (૨)

(ચગાવવું)

ઊંચા ઊંચા રે દાદા ! તારા ડુંગરા રે લોલ (૪)
ડુંગર ઉપર બોલે ઝીણા મોર, પૂજનમાં વહેલા આવજો રે લોલ (૨)
ઊંચા ઊંચા રે દાદા ! તારા ડુંગરા રે લોલ (૪)

(દુહા વિગેરે)

હે... સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર, સોરઠ દેશ મોઝાર

હે... મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર, વંદુ વાર હજાર

હે... કળિયુગમાં એ કલ્પતરુ, એના મહિમાનો  નહિ પાર
મહિમાનો  નહિ પાર
હે... સેવક હૈયે વાસ કરો રે, અલબેલા એક વાર, અલબેલા એક વાર

2017-01-21

https://www.youtube.com/watch?v=7xalRkXJNoE (similar raag)